

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૯ | ૯ જુન, ૨૦૨૧, બુધવાર; વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

પ્રતિબંધ હટાવવામાં ઉતાવળ ભારે પડશે : WHO

ડેલ્ટા વેરિએન્ટ સહિત અન્ય ચિંતાજનક વેરિએન્ટના વધતા સંક્રમણને જોતા કોરોના પ્રતિબંધ જલ્દી હટાવવું ખતરનાક સાબિત થઈ શકે છે : WHO

નવી દિલ્હી,તા.૭

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન ચીફ ટેડ્રોસ અધાનોમ ગેબ્રેયાસસે કોરોના પ્રતિબંધ જલ્દી હટાવવાને લઈને ચેતવણી આપી છે. તેમણે કહ્યુ છે કે ડેલ્ટા વેરિએન્ટ સહિત અન્ય ચિંતાજનક વેરિએન્ટના વધતા સંક્રમણને જોતા કોરોના પ્રતિબંધ જલ્દી હટાવવું ખતરનાક સાબિત થઈ શકે છે. તેમણે કહ્યુ કે બીજી લહેરથી લગભગ ૨ મહિના સુધી ખરાબ રીતે હેરાન થયા બાદ ભારતમાં પ્રતિબંધોમાં છુટ શરુ થઈ ગઈ છે. કેટલાક રાજયોમાં પ્રતિબંધમાં ઢીલ શરુ થઈ ચૂકી છે તો કેટલીક જગ્યાઓ પર પ્રતિબંધ જારી છે. આ પહેલા ડબલ્યુએચઓએ કહ્યુ હતુ કે કોરોના ડેલ્ટા સ્ટ્રેન હવે ચિંતાનું કારણ

બની રહ્યો છે. ઉલ્લેખનીય છે કે કોવિડનો આ સ્ટ્રેન સૌથી પહેલા ભારતમાં જોવા મળ્યો હતો. ત્યારે આ વેરિએન્ટના ૨ અન્ય બે સ્ટ્રેન્સના સંબંધમાં ડબલ્યુએચઓએ કહ્યુ કે હાલમાં ચિંતાની કોઈ વાત નથી. વાયરસ મ્.૧.૬૧૭ વેરિએન્ટને ટ્રિપલ મ્યૂટેન્ટ વેરિએન્ટ ગણાવવામાં આવ્યો છે. કેમકે આ ત્રણ લિનીએજ(વંશ)માં વહેચાયેલો છે. સંયુક્ત રાષ્ટ્રની સ્વાસ્થ્ય એજન્સી ગત મહિને સમગ્ર સ્ટ્રેનને વીઓસી એટલે કે વેરિએન્ટ ઓફ કન્સર્ન જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે કોરોનાના ભારતમાં પહેલી વાર જોવા મળેલા સ્વરુપ બી.૧.૬૧૭.૧ અને બી.૧.૬૧૭.૨ને હવે ક્રમશઃ 'કપ્પાલ્ફ અને ડેલ્ટાના નામથી ઓળખવામાં આવશે. હકિકતમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને કોરોના વાયરસના વિભિન્ન સ્વરુપોની નામાવલીની નવી વ્યવસ્થા જાહેર કરી છે. જે અંતર્ગત વાયરસના વિભિન્ન સ્વરુપોની ઓળખ ગ્રીક ભાષાના અક્ષરોના માધ્યમથી થશે. આ નિર્ણય વાયરસને લઈને સાર્વજનિક વિમર્શના સરળીકરણ કરવા તથા નામો પર લાગેલા કલંકને ભૂસવા માટે કરવામાં આવ્યો છે. હવે ભારતમાં દિવસેને દિવસે કોરોના વાયરસના કેસ ઓછા થતા જઈ રહ્યા છે. ત્યારે સરકારે પણ લોકોના ધંધા રોજગાર જોતા થોડીક છુટછાટ આપી દીધી છે. ત્યારે સામાન્ય જનતા પણ કોરોના ભૂલી ગઈ હોય તેમ લોકોના ટોળા એકઠા થવા માડ્યા છે. તે જોતા લાગી રહ્યું છે કે સામાન્ય જનતા કોરોનાને આમંત્રણ આપી રહી છે. જ્યા સુધી સામાન્ય જનતા નહી સમજે ત્યાં સુધી કોરોનાને હરાવો મુશ્કેલી બની શકે છે.

ત્રીજી લહેરમાં બાળકો પર ગંભીર અસરની શક્યતા નથી

ભારત કે વિશ્વના ડેટામાં બાળકો ઉપર ગંભીર અસરના કોઈ આંકડા સામે આવ્યા નથી : પત્રકાર પરિષદમાં એમ્સના ડાયરેક્ટર ડો. ગુલેરિયાનું નિવેદન

નવી દિલ્હી, તા. ૮

દેશમાં કોરોના અને રસીકરણની સ્થિતિને લઈને સ્વાસ્થ્ય મંત્રાલયની યોજાયેલી પત્રકાર પરિષદમાં એમ્સના ડાયરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાએ કહ્યુ કે, ભારત કે વિશ્વનો ડેટા જુઓ તો અત્યાર સુધી કોઈ એવો ડેટા આવ્યો નથી, જેમાં જણાવવામાં આવ્યું હોય કે બાળકોમાં હવે વધુ ગંભીર સંક્રમણ છે. બાળકોમાં હળવુ સંક્રમણ રહ્યું છે. અત્યાર સુધી કોઈ પૂરાવા નથી કે જો કોરોનાની આગામી લહેર આવશે તો બાળકોમાં વધુ ગંભીર સંક્રમણ જોવા મળશે.

નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે કહ્યુ કે, ખાનગી ક્ષેત્રો (હોસ્પિટલો) માટે રસીની કિંમત વેક્સિન નિર્માતાઓ દ્વારા નક્કી થશે. રાજય ખાનગી ક્ષેત્રની કુલ માંગ કરશે, જેનો અર્થ છે કે તે જોશે તેની પાસે સુવિધાઓનું કેટલું નેટવર્ક છે અને તેને કેટલા ડોઝની જરૂર છે. તેમણે કહ્યું કે, સરકારે કોવિશીલ્ડના ૨૫ કરોડ ડોઝ અને કોવેક્સિનના ૧૯ કરોડ ડોઝ ખરીદવાનો આદેશ આપ્યો છે. સરકારે બાયોલોજિકલ ઈ રસીના ૩૦ કરોડ ડોઝ ખરીદવાનો આદેશ આપ્યો છે, જે સપ્ટેમ્બર સુધી ઉપલબ્ધ થશે.

તો સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યુ કે, જ્યાં ૭ મેએ દેશમાં દરરોજના હિસાબથી ૪,૧૪,૦૦૦ કેસ સામે આવી રહ્યા હતા, તે હવે ૧ લાખથી ઓછા થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૬,૪૯૮ કેસ નોંધાયા છે. આ ૩ એપ્રિલ બાદ એક દિવસમાં સૌથી ઓછા કેસ છે. હોમ આઈસોલેશન અને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બન્નેને મેળવી રિકવરી રેટ વધીને ૯૪.૩ ટકા થઈ ગયો છે. ૧-૭ જૂન વચ્ચે પોઝિટિવિટી રેટ કુલ મળીને ૬.૩ ટકા નોંધાયો છે. ૪ મેએ દેશમાં ૫૩૧ કેસ મળ્યા હતા, જ્યાં દરરોજ ૧૦૦થી વધુ કેસ સામે આવી રહ્યાં છે, તેવા જિલ્લા હવે ૨૦૯ રહી ગયા છે.

લવ અગ્રવાલે કહ્યું કે, છેલ્લા એક સપ્તાહમાં કેસની સંખ્યામાં ૩૩ ટકાનો ઘટાડો અને સક્રિય કેસમાં ૬૫ ટકાનો ઘટાડો થયો છે. રાજ્યવાર ૧૫ રાજ્યો એવા છે જ્યાં ૫ ટકાથી ઓછો પોઝિટિવિટી રેટ છે.

ભારતમાં કોરોનાનો નવો સ્ટ્રેન જોવા મળ્યો

બ્રિટન અને બ્રાઝિલથી આવેલા લોકોમાં B.1.1.28.2 સ્ટ્રેન જોવા મળ્યો

પૂણે,તા.૮

ભારતમાં કોરોનાની કંટ્રોલ થતી સ્થિતિ વચ્ચે ડરામણા સમાચાર સામે આવી રહ્યા છે. પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજીએ કોરોના વાયરસની જીનોમ સિક્વન્સિંગમાં નવા વેરિયન્ટને શોધ્યો છે. રિપોર્ટ પ્રમાણે આ વેરિયન્ટ બ્રિટન અને બ્રાઝિલથી ભારત આવેલા લોકોમાં જોવા મળ્યો છે. ઈન્સ્ટિટ્યુટે આને બી.૧.૧.૨૮.૨ નામ આપ્યું છે. આ ભારતમાં જોવા મળતા ડેલ્ટા વેરિયન્ટની માફક જ ગંભીર છે. આનાથી સંક્રમિત લોકોમાં કોરોનાના ગંભીર લક્ષણો જોવા મળી શકે છે.

વેરિયન્ટની સ્ટડી બાદ સામે આવ્યું કે આ લોકોને ગંભીર રીતે બીમાર કરી શકે છે. આ વેરિયન્ટની વિરુદ્ધ વેક્સિન અસરદાર છે અથવા નહીં તેના માટે સ્ક્રીનિંગની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. એનઆઈવીની આ સ્ટડી મૈઈટૈદ્દમાં ઑનલાઈન પબ્લિશ થઈ છે. તો આ જ ઈન્સ્ટિટ્યુટની બીજી એક સ્ટડીમાં જોવા મળ્યું કે સ્વદેશી કોરોના વેક્સિન કોવેક્સિન આ વેરિયન્ટ સામે પણ અસરકારક છે અને વેક્સિનના ૨ ડોઝથી જે એન્ટિબોડી બને છે તેનાથી આ વેરિયન્ટને ન્યુટ્રિલાઈઝ કરી શકાય છે.

હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે બી.૧.૨૮.૨ વેરિયન્ટથી સંક્રમિત થવા પર વ્યક્તિનું વજન ઓછું થવા લાગે છે. આના સંક્રમણના ઝડપથી ફેલાવા પર ફેફસા ડેમેજ થઈ જાય છે. આ વેરિયન્ટ ફેફસામાં ઘા અને તેમાં ભારે નુકસાનનું કારણ બની શકે છે. સ્ટડીમાં કોવિડ જીનોમ સર્વિલાન્સની જરૂરિયાત પર ભાર આપવામાં આવ્યો છે, જેથી કોરોનાના નવા-નવા વેરિયન્ટ્સ વિશે જલદીથી જલદી જાણી શકાય. જીનોમ સિક્વન્સિંગ લેબ એવા મ્યુટેન્ટ્સની શોધ કરી રહ્યું છે જે કોરોના સંક્રમણમાં અચાનક આવનારા ઉછાળા પાછળ કારણ હોય છે.

મુંબઈમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

ગાજવીજ સાથે વરસાદ : ફુર્લા સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

મુંબઇમાં ૨-૩ દિવસ સુધી ભારે વરસાદની ચેતવણી, ૧૩ રાજ્યોમાં ઓરેન્જ એલર્ટ

મુંબઇ,તા.૮

નેઋત્યનું ચોમાસું હવે ધીમે ધીમે મહારાષ્ટ્રમાં પ્રવેશતા મંગળવારે સાવરથી મુંબઈમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ગરમી અને બફારા વચ્ચે મેઘરાજાની પધરામણી થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને મુંબઈવાસીઓએ તેનો આનંદ ઉઠાવ્યો હતો. હવામાન વિભાગના મતે મુંબઈમાં પ્રી-મોનસૂન પ્રક્રિયા અંતર્ગત વરસાદ વરસી રહ્યો છે. ૧૧ વાગ્યા સુધીમાં માલવણી, બોરીવલી અને દહીસરમાં ૩૦ એમએમ સુધી વરસાદ પડ્યો હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. હવામાન ખાતાએ મુંબઈમાં આગામી ૨-૩ દિવસ ભારે વરસાદની ચેતવણી આપી છે.

મુંબઈના ફુર્લા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ પડતા પાણી ભરાઈ ગયા હતા. જો કે હવામાન વિભાગના મતે હજી સુધી રાજયમાં સત્તાવાર ચોમાસાનો પ્રારંભ નથી થયો અને ચોમાસુ હાલમાં રત્નાગીરી જિલ્લામાં હરનાઈ પોર્ટ પહોંચ્યું છે. મુંબઈ સુધી ચોમાસાને પહોંચતા થોડો સમય લાગી શકે છે. સ્થાનિક હવામાન કેન્દ્રના વડાએ જણાવ્યા

મુજબ મુંબઈમાં પ્રી-મોનસૂન વરસાદી ઝાપટા પડ્યા છે. ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે અને તેની તીવ્રતામાં પણ વધઘટ નોંધાઈ છે.

મુંબઈના કેટલાક વિસ્તારોમાં જ વરસાદ પડ્યો છે જેથી આને સત્તાવાર ચોમાસાનો પ્રારંભ નહીં ગણી શકાય. મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં વ્યાપક વરસાદ પડશે ત્યારે જ મેઘરાજાની એન્ટ્રી થઈ ગણાશે. એક અંદાજ મુજબ ૧૦ જૂનના રોજ રાજ્યમાં સત્તાવાર ચોમાસુ બેસશે. અરબી સમુદ્રમાં ગતિવિધી જોવા મળી રહી છે પરંતુ તે નબળી છે જો મજબૂત ગતિવિધિ જણાય તો ચોમાસુ બેસી ગયું ગણાશે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઠાકરેની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દિલ્હીમાં મુલાકાત

મરાઠા અનામત, જીએસટી કલેક્શન સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાઇ

ન્યુ દિલ્હી,તા.૮

કોરોના મહામારી વચ્ચે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ નવી દિલ્હી ખાતે વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી. ઉદ્ધવ ઠાકરે સાથે મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે વડાપ્રધાન નિવાસ સ્થાને પહોંચીને વડાપ્રધાન મોદી સાથેની મુલાકાતમાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ધવ ઠાકરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ઉદ્ધવે જણાવ્યુ હતું કે વડાપ્રધાને અમારા દરેક મુદ્દાને ધ્યાનથી સાંભળ્યા છે અને ગંભીરતા સાથે વિચાર કરવાની વાત જણાવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યુ હતું કે વડાપ્રધાનન મોદી સાથે મરાઠા અનામત, રાજનીતિક આરક્ષણ, મેટ્રો શેડ, ય્જી કલેક્શન,ક્રોપ ઈન્શ્યોરન્સ, સાઈક્લોન સહિતના અન્ય મુદ્દાઓ પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરે દ્વારા માંગ કરવામાં આવી હતી કે મરાઠી ભાષાને કેન્દ્ર તરફથી સ્ટેટસ આપવામાં આવે. ઉદ્ધવે જણાવ્યુ હતું કે દરેક વિષયો બાબતે અમે વડાપ્રધાનને પત્ર સોંપ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં ૨૪ કલાકમાં નવા ૮૬,૪૯૮ કેસ નોંધાયા

ભારતમાં કોરોનાના નવા કેસમાં ધરખમ ઘટાડો : છેલ્લા ૨૪ કલાકમાં એક લાખની અંદર નવા કેસ નોંધાયા છે, જ્યારે ૨૧૨૩ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે

નવી દિલ્હી,તા.૮

દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડી રહી છે. દિન પ્રતિદિન નવા કેસની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં એક લાખની અંદર નવા કેસ નોંધાયા છે. જ્યારે ૨૧૨૩ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. આ અગાઉ ગઈ કાલે સોમવારે બહાર પડેલા આંકડા મુજબ દેશભરમાં ૧,૦૦,૬૩૬ નવા કેસ નોંધાયા હતા અને ૨૪૨૭ દર્દીઓના મોત થયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૮૬,૪૯૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૮૯,૯૬,૪૭૩ થયો છે. એક દિવસમાં ૧,૮૨,૨૮૨ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં ૨,૭૩,૪૧,૪૬૨ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે. નવા કેસની સાથે સાથે મૃત્યુઆંક પણ હવે ધીરે ધીરે ઘટી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૨૩ દર્દીઓએ કોરોનાથી દમ તોડ્યો. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૩,૫૧,૩૦૯ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૨૩,૬૧,૯૮,૭૨૬ ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં ૫ એપ્રિલના રોજ પહેલીવાર કોરોના વાયરસના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા. તે વખતે ૨૪ કલાકમાં ૧ લાખ ૩ હજાર ૮૪૪ નવા કેસ નોંધાયા હતા. આ સાથે જ અમેરિકા બાદ ભારત બીજો એવો દેશ બની ગયો હતો જ્યાં એક જ દિવસમાં કોરોનાના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ સોમવારે દેશભરમાં ૧૮,૭૩,૪૮૫ કોરોના ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધી કરવામાં આવેલા કોરોના ટેસ્ટનો આંકડો ૩૬૮૨૦૭૫૯૬ પર પહોંચી ગયો છે.

મપ્રના ૪૭ ગામમાં એક પણ વ્યક્તિએ રસી નથી મૂકાવી

વેક્સિનનું નામ સાંભળતા જ તેઓ દૂર જતા રહે છે

નવી દિલ્હી, તા. ૮

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે વેક્સિનેશનની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ દેશના અનેક ક્ષેત્રો એવા પણ છે જ્યાં વેક્સિનને લઈ લોકોમાં ભારે ડર વ્યાપેલો છે. માત્ર મધ્ય પ્રદેશના બૈતૂલ જિલ્લામાં જ એવા ૪૭ ગામ મળી આવ્યા છે જ્યાં ગામના એક પણ વ્યક્તિએ હજુ સુધી વેક્સિન નથી લીધી. બૈતૂલના આ ગામો આદિવાસી બહુમતી ધરાવે છે અને ત્યાંના એક પણ વ્યક્તિએ હજુ સુધી વેક્સિન નથી લગાવડાવી. મધ્ય પ્રદેશના આદિવાસીઓમાં વેક્સિનને લઈ ભારે ડર વ્યાપેલો છે. આ ડર એટલી હદે તીવ્ર છે કે ૧-૨ નહીં અનેક ગામો વેક્સિન લગાવવાની ના પાડી ચુક્યા છે. ભોપાલથી આશરે ૨૫૦ કિમી દૂર પહાડોમાં બૈતૂલ જિલ્લાનું ગુરાડિયા ગામ આવેલું છે. આ ગામમાં કોરકૂ જનજાતિના આશરે ૬૦૦ લોકો વસે છે અને હજુ સુધી કોઈએ પણ વેક્સિન નથી લીધી.

કોરકૂ આદિવાસીઓમાં વેક્સિનને લઈ ભારે ડર વ્યાપેલો છે અને વેક્સિનનું નામ સાંભળતા જ તેઓ દૂર જતા રહે છે.